Medical and Wildlife Awareness
Camp at Sasan
અકોલા Pg-2 13-5-2012

Thursday 10/5/2012

# ૧૩ મીએ સાસણ-ગીરમાં નેત્રરોગ-હોમિયોપેથ-આયુર્વેદનો વિનામુલ્યે કેમ્પ

રાજકોટ : શ્રી બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ, ધ ફર્ન ગીર ફોરેસ્ટ રીસોર્ટ-સાસણ ગીર, ગ્રામ પંચાયત-સાસણ ગીર, એસીયાટીક લાયન પ્રોટેકશન સોસાયટી-રાજકોટ અને વાઈલ્ડ લાઈફ કન્ઝરવેશન ટ્રસ્ટ-રાજકોટના સંયુકત ઉપક્રમે આગામી તા. ૧૩ ના રવિવારે સવારે ૯:૩૦ થી ૧:૩૦ સુધી વિનામુલ્યે નેત્ર નિદાન સારવાર (ચશ્મા ટીપા સાથે) હોમિયોપેથ,આયુર્વેદ, એકયુપ્રેસર નિદાન સારવાર તેમજ દવાઓ વિનામુલ્યે સાથેનો કેમ્પ સાસણ-ગીર ખાતે આયોજન કરેલ છે.

આ કેમ્પમાં ડો. હેમેન્દ્રભાઈ મહેતા (ડો. કેશુભાઈની આંખની હોસ્પિટલ-રાજકોટ) દ્વારા તપાસી જરૂરીયાતવાળા દર્દીઓને નંબરવાળા ચશ્મા તથા આંખના ટીપા વિનામુલ્યે આપવામાં આવશે. જયારે હોમિયોપેથ સર્વરોગ નિદાન સારવાર દવા સાથે ડો. એન. જે. મેઘાણી, આયુર્વેદ સર્વરોગમાં ડો. કેતન ભીમાણી તેમજ એકયુપ્રેસરમાં અનિલભાઈ માવદીયા, અરવિંદભાઈ વાળા, રાજુભાઈ બુધ્ધદેવ, જયેશભાઈ રાણપરા, અરજણભાઈ પટેલ, ભગવાનજીભાઈ મીસ્ત્રી, પ્રવિણભાઈ ગેરીયા અને લાલજીભાઈ ટાંક સેવા આપશે. કેમ્પમાં ચશ્મા, ટીપા તથા દવા વિતરણ માટે બી. એલ. મહેતા, ધૈર્ય રાજદેવ, મનુભાઈ ટાંક, જસ્મીનભાઈ સોની, ચિરાગભાઈ ધામેચા (જલારામ) તેમજ કેસની વ્યવસ્થા માટે દિલીપભાઈ ડોડીયા, મુકેશભાઈ રાણપરા અને દેવાંગભાઈ શેઠ વગેરે સેવા આપશે.

કેમ્પની સફળતા માટે બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ, ધ ફર્ન ફોરેસ્ટ રીસોર્ટ, ગ્રામ પંચાયત-સાસણના સરપંચ લક્ષ્મણભાઈ ધોળકીયા, લાયન પ્રોટેકશનના કમલેશભાઈ અઢીયા, વાઈલ્ડ લાઈફ કન્જરવેશન ટ્રસ્ટના કિશોરભાઈ કોટેચા જહેમત ઉઠાવી રહયા છે. (૧૫.૨)